## જન્મદિને વધામણી



**નારાયણ વિઠ્ઠલદાસ મોદી**
નિવૃત્ત આઈએએસ, પૂર્વ સચિવ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રા.વિ. વિભાગ
મો. ૯૪૨૯૩ ૮૯૫૧૯



**કિરણભાઈ એસ ત્રિવેદી**



**ધૃતિ આર ગજ્જર**
મો. ૮૧૨૮૨ ૮૯૮૩૮



**પ્રશસ્તિ પાર્થ મજમુદાર**



**ગિરીશ મકવાણા**
કર્મચારી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
મો. ૯૯૭૪૨ ૯૯૩૨૯

# રાજ્યમાં ૨૨.૫૮ ટકા લોકો ટુ વ્હીલર લઈ ઓફિસ જાય છે

## ગોવા બાદ દેશમાં બીજા ક્રમાંક પર : ૧.૨૧ કરોડ ઓફિસ જતા લોકો પૈકી ૨.૭૨ ટકા કાર લઈને ઓફિસ જાય છે

### ટોપ-૧૦ શહેરો

ઓફિસ જવા માટે પરિવહન સાધન તરીકે ટુ વ્હીલરનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવે છે તેવા ટોપના ૧૦ શહેરોમાં ગુજરાતનાં શહેરો મહત્તમ છે.

| શહેર | ટકાવારી |
|---|---|
| રાજકોટ | ૩૮.૩૯ |
| પુડુચેરી | ૩૫.૬૭ |
| વડોદરા | ૩૨.૩૭ |
| કરાઈકલ | ૩૦.૭૫ |
| અમદાવાદ | ૨૮.૧૬ |
| સુરત | ૨૭.૭૫ |
| પુણે | ૨૭.૫૯ |
| નાગપુર | ૨૭.૪૫ |
| ગાંધીનગર | ૨૬.૮૫ |
| કોર્બા | ૨૫.૮૨ |



### ટોપ-૧૦ રાજ્યો

ઓફિસ જવા માટે પ્રવાસના સાધન તરીકે ટુ વ્હીલરનો ઉપયોગ કરવા મામલે ગુજરાત દેશમાં બીજા ક્રમાંકે છે.

| રાજ્ય | ટુ વ્હીલર લઈને જતા લોકો (ટકાવારી) |
|---|---|
| ગોવા | ૨૩.૯૬ |
| ગુજરાત | ૨૨.૫૮ |
| છત્તીસગઢ | ૧૯.૧૦ |
| પંજાબ | ૧૭.૦૫ |
| તમિળનાડુ | ૧૬.૮૯ |
| રાજસ્થાન | ૧૫.૫૧ |
| મહારાષ્ટ્ર | ૧૫.૨૩ |
| મધ્યપ્રદેશ | ૧૪.૯૭ |
| ઓરિસ્સા | ૧૩.૩૭ |
| હરિયાણા | ૧૩.૨૯ |

અમદાવાદ,તા. ૨૩

ભારતમાં નોકરીની જગ્યાએ ટુ વ્હીલર લઈને જતા લોકોની સંખ્યાની દૃષ્ટિએ પણ ગુજરાત પાછળ નથી. આ મામલામાં ગુજરાતમાં સંખ્યા ખૂબ મોટી છે. ગુજરાત ૨૨.૫૮ ટકા એવા લોકો ધરાવે છે જે લોકો નોકરી પર ટુ વ્હીલર લઈને જાય છે. રાજ્ય ગોવા બાદ બીજા સ્થાન ઉપર છે. ગોવામાં નોકરી ઉપર ટુ વ્હીલર લઈને જતા લોકોની સંખ્યા ૨૩.૯૬ ટકા છે. જ્યારે ગુજરાતમાં આ સંખ્યા ૨૨.૫૮ ટકા છે. તમામ રાજ્યોની વાત કરવામાં આવે તો છત્તીસગઢ, પંજાબ, તમિલનાડુ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા અને હરિયાણા જેવા રાજ્યો ગુજરાત કરતા પાછળ છે. ગોવામાં કુલ વાહનોનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા ૦.૦૫ કરોડ છે. જ્યારે ટુ વ્હીલરનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા ૧.૨૧ લાખ જેટલી છે. આવી જ રીતે ગુજરાતમાં કુલ વાહનોનો ઉપયોગ કરનારાઓની સંખ્યા ૧.૨૧ કરોડ છે અને ટુ વ્હીલરનો ઉપયોગ કરનાર લોકોની સંખ્યા ગુજરાતમાં ૨૭.૪૦ લાખ છે. રાષ્ટ્રીય સરેરાશ ટુ વ્હીલર ઉપયોગ કરનારાઓની સંખ્યા ૧૨.૭૧ ટકા છે. આનો મતલબ એ થયો કે ગુજરાત રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ વધારે ટુ વ્હીલરનો ઉપયોગ કરે છે. બાઈક, સ્કુટરની પસંદગી ઉતારનાર લોકોની સંખ્યા ગુજરાતમાં રાજકોટ, વડોદરા, અમદાવાદ, સુરત અને ગાંધીનગરમાં ખૂબ મોટી છે. આ બધા જ શહેરો દેશના એવા ૧૦ ટોપ શહેરોની યાદીમાં સામેલ છે જે શહેરોમાં ઓફિસ કામ પર જવા માટે ટુ વ્હીલરનો ઉપયોગ વધુ કરવામાં આવે છે. ગુજરાતમાં ૧.૨૧ કરોડ ઓફિસ જનાર લોકો પૈકીના ૨.૭૨ ટકા લોકો કારનો ઉપયોગ કરે છે. જ્યારે ૭ ટકા લોકો ટ્રેન અથવા બસમાં મુસાફરી કરે છે. જ્યારે મુંબઈમાં ૪૧ ટકા અને દિલ્હીમાં ૨૪.૭૬ ટકા છે. ગુજરાતમાં ૧.૩ કરોડથી વધુ ટુ વ્હીલર છે, જે રાજ્યમાં નોંધાયેલા કુલ વાહનો પૈકી ૮૦ ટકા છે. વાર્ષિક રીતે ૧૦ લાખ ટુ વ્હીલર નવા માર્ગો પર દોડે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના આંકડા જારી કરાયા બાદ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં આંકડાઓ હજુ પણ ખૂબ વધારે છે. રાજકોટ, વડોદરા, અમદાવાદ, સુરતમાં ટુ વ્હીલરોની સંખ્યા ખૂબ વધારે છે. સર્વેમાં જણાવાયું છે કે, અમદાવાદી લોકો સાઈકલ અથવા કારના બદલે મોટરબાઈકને વધુ પસંદ કરે છે. મલ્ટી ટાસ્કની કામગીરીમાં બાઈક સરળ હોવાની વિગત સપાટી પર આવી છે. ૨૦૦૮ અને ૨૦૧૩ વચ્ચેના ગાળામાં કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વિગત સપાટી પર આવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫,
૭.૦૦. ૧૦૧૫

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

# જેમ્સ બૉન્ડની સામે હાંફી રહેલો સલમાન ખાન

ગાંધીનગર, તા. ૨૩

સલમાન ખાનની ફિલ્મ 'પ્રેમ રતન ધન પાયો' પહેલા સપ્તાહની મજબૂત શરૂઆત પછી હવે નબળી પડતી જાય છે અને જેમ્સ બૉન્ડની ફિલ્મ 'સ્પેક્ટર' પહેલા જ સપ્તાહમાં કાઠું કાઢી રહી છે. ઉલ્લખનીય છે કે દુનિયાના સૌથી વધુ વેચાતા અને ખ્યાત સુપરહીરો જેમ્સ બૉન્ડે પોતાની આ નવી ફિલ્મ 'સ્પૅક્ટર'થી સલમાન ખાનની ફિલ્મ્સની જેમ શુક્રવારને બદલે ગુરુવારે શો શરૂ કરવાનો ક્રમ આરંભ્યો છે.

સલમાન ખાને છેલ્લાં ત્રણ વર્ષોમાં પોતાની ફિલ્મ્સ ઈદના તહેવાર નિમિત્તે રિલિઝ ખરી છે અને તે શુક્રવારના બદલે ગુરુવારે રિલીઝ કરીને તહેવારનો તથા રજાનો લાભ





લાખોમાં રળી લીધો હતો.

જેમ્સ બોન્ડની નવી ફિલ્મ સ્પૅક્ટરના રિલિઝ ટાણે પણ આવો જ ઉપાય અજમાવીને કમાણીનો નવતર રસ્તો થિયેટર્સધારકોએ શોધી લીધો હતો. ફિલ્મ માટેનું બૂકીંગ તો ચાર દિવસ અગાઉ શરૂ કરી દેવામાં આવ્યું હતું, પરંતુ ગુરુવારે સવારનાં અખબારોમાં એવી જાહેરખબર આપવામાં આવી હતી કે ગુરુવારે સાંજે બે શો દરમ્યાન આ ફિલ્મનો પેઈડ પ્રિવ્યૂ યોજાશે મતલબ કે ફિલ્મ ગુરુવારથી જ જોવા મળી શકશે. અમદાવાદના ઉપરાંત ગાંધીનગરના થિયેટર્સે પણ આવા પેઈડ પ્રિવ્યૂ ગોઠવ્યા હતા, જે કારણે અર્લી શોના ચાહકોએ ગુરવારે જ ફિલ્મ જોઈ લીધી હતી. અન્ય થિયેટર્સની માફક ગાંધીનગરના સિનેમેક્સ થિયેટરમાં પણ આ ફિલ્મના ગુરુવારના પેઈડ પ્રિવ્યૂ માટે રસિકોએ ટિકિટ બૂકીંગ કરાવ્યું હતું, જેમાં ઓનલાઈન બૂકીંગનો સમાવેશ પણ થતો હતો. પરંતુ શોના ટાઈમે આ રસિકોને નિરાશા સાંપડી હતી. થિયેટર સંચાલકોએ 'ટૅકનીકલ ખામી'નું બહાનું ધરીને ફિલ્મ દર્શાવવા અંગે અક્ષમતા દર્શાવી હતી. અલબત્ત, ટિકિટના પૈસા લોકોને પરત મળી ગયા હતા, પરંતુ રિલિઝના એક દિવસ અગાઉ ફિલ્મ જોવાના રોમાંચથી તેઓ બાકાત રહી ગયા હતા. બૉન્ડ સિરીઝની આ ૨૪મી ફિલ્મ ૨૫૦ મિલિયન ડૉલરના ખર્ચે તૈયાર થઈ છે. દુનિયાભરમાં ૨૬ ઑક્ટોબરે રિલીઝ થયેલી આ ફિલ્મ ૬૦૦ મિલિયન જેવો તગડો બિઝનેસ કરી ચૂકી છે. અને હા, ફિલ્મ સૌથી મોટા ઍક્સપ્લોશન બાબતે ગિનીઝ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ પણ નોંધાવી ચૂકી છે.

# બેસ્ટ એનએસએસ પ્રોગ્રામ ઓફિસરનો નેશનલ એવોર્ડ જીતનાર ડૉ. રથવી તરફ અભિનંદનની વર્ષા

ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વ વિધાલય સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના ફીઝીકલ એજ્યુકેશનના પ્રોફેસર અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીને વર્ષ ૨૦૧૪-૧૫ના બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર તરીકેનો ઈન્દિરા ગાંધી નેશનલ એન.એસ.એસ.એવોર્ડ ભારતના મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના હસ્તે રાષ્ટ્રપતિભવનના દરબાર હોલમાં એનાયત કરવામાં આવ્યો. ડૉ. રણછોડ રથવી ને મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવમુખરજીના હસ્તે ટ્રોફી, મેડલ,પ્રમાણપત્ર,અને રૂ.૭૦૦૦૦/- થી સન્માનિત કરવામાં આવ્યા.



અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજને બેસ્ટ એન.એસ.એસ. યુનિટ તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો. ટ્રોફી અને એક લાખ રૂપિયા આપી પોગ્રામ ઓફિસર શ્રી ડૉ. રણછોડ રથવીને સન્માનિત મહામહીમ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવ્યા. તેઓ છેલ્લા ૧૩ વર્ષથી એનએનએસની જવાબદારી સંભાળી રહયા છે. તેમના શ્રેષ્ઠ માર્ગદર્શન ને પ્રશંસનીય લોકસેવાના સન્માર્થે તેમને આ નેશનલ એવોર્ડ આપવામાં આવ્યો છે.

છેલ્લા ૧૩ વર્ષમાં તેમના નેતૃત્વમાં ૧૪ થી વધુ વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા ૩૫૦૦ થી વધારે વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું.૧૪ રક્દાન શિબિર દ્વારા ૩૪૫૭ જેટલી રક્તની બોટલ એકત્રિત કરવામાં આવી. જે સિવિલના ગરીબ દદીઓં માટે આપવામાં આવી. તેમના નેતૃત્વમાં ૨૨ મેડીકલ, નેત્ર નિદાન ચેકઅપ કાર્યક્રમો દ્વારા હજારો લોકોને મફત નિદાન,દવા અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું બાળકોને પોલીયોની રસી પીવડાવવાનો, થેલેસેમિયા જાગૃતિ માટેના ૨૫ કાર્યક્રમો ૫૦૦૦થી વધુ વિધાથીઓના થેલેસેમિયા ચેક અપ કાર્યક્રમ કરવામાં આવ્યા,

તેમના નેતૃત્વમાં ગીયોડ,બાલવા ,ધોળાકુવા, દેલવાડા,પીપળ, ઈન્દ્રપુરા, ઈટાદરા અને છેલ્લા ત્રણ વર્ષથી સોલૈયા ગામે દસ અને સાત દિવસિય ૧૨ શિબિરો કરવામાં આવી. જેના કારણે આઠ ગામોમાં સ્વચ્છતા, સાક્ષરતા, હેલ્થ અવેર્નેસ,ગ્લોબલ વોર્મિગ, પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો, વ્યસન મુક્તિના અનેક કાર્યક્રમો થકી હજારો લોકોને જાગૃત બનાવવાનું શ્રેષ્ઠ કાર્ય કર્યુ છે.

તેમના નેતૃત્વમાં ગાંધીનગર શહેરમાં પણ ગરીબ બાળકોને ભણાવવા, પર્યાવરણ જાગૃતિ,મતદાન જાગૃતિ,લીડરશીપ તાલીમ,વ્યક્તિ વિકાસ તાલીમ, કુદરતી આપત્તિઓ સમયે સજાગના અને સુરક્ષાના ઉપાયો વગેરે શિબિરો પણ યોજેલ છે.તેમના આવા શ્રેષ્ઠ કર્યો થકી ૩૫૦૦ થી પણ વધારે લોકો વ્યસનમુક્ત બન્યા છે.

ડૉ. રણછોડ રથવીના નેતૃત્વમાં નેશનલ ક્ક્ષાના કાર્યક્રમો પ્રિઆડી કેમ્પ, નેશનલ ઈન્ટીગ્રેસન કેમ્પ અને ઈન્ટર સ્ટેટ યુથ એક્ષેન્જ પ્રોગ્રામ (અરૂણાચલ પ્રદેશ). કડી સર્વ વિશ્વ વિધાલય અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ના યજમાનપદે યોજાયા. તેઓ ૨૦૧૪માં પ્રજાસત્તાક પરેડમાં ગુજરાતના એન.એસ.એસ. ટીમના લીડર તરીકે નવીદિલ્હી સતત એક માસ સેવા આપી હતી. તેમને આવા પ્રશંસનીય લોકસેવાના ભાગરૂપે ગુજરાત સરકાર તરફથી રાજયક્ક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર તરીકેનો ૨૦૧૩-૧૪નો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

તેમના નેતૃત્વમાં સુરતમાં પૂરગ્રસ્તવિસ્તારમાં ૭૦૦૦ ફૂડ પેકેટ્સ મોકલવામાં આવ્યા હતા. આવા વિશિષ્ટ અનેક સેવાકીય કાર્યો ના કારણે અનેક વિદ્યાથીઓ અને હજારો લોકોને મદદરૂપ થઈ તેમના જીવનમાં નવો પ્રકાસ પડવાનું પ્રસંશનીય કાર્ય કર્યુ છે. આવા વિશિષ્ટ કાર્યો અને સ્વયં-સેવકોએ કરેલ કામગીરીના શ્રેષ્ઠ માર્ગદર્શન અને પ્રશંસનીય લોકસેવા સન્માનાર્થે તેઓશ્રીને આ વર્ષે માનનીય રાષ્ટ્રપતિશ્રી ના વરદ હસ્તે રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલ નવી દિલ્હી ખાતે નેશનલ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા છે.

તેમણે સમગ્ર કડી સર્વ વિશ્વ વિધાલય, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને સમગ્ર ગુજરાત નું ગૌરવ વધાર્યું છે. તે બદલ યુનિવસીટીના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબ, કુલપતિશ્રી ડી.ટી.કાપડીયા સાહેબ અને પ્રિન્સીપાલ શ્રી ડૉ. વિજ્ઞા ઓઝા અને સમગ્ર સંસ્થાએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# રફીનાં ગીતોની રંગત.... તુમ મુજે યું ભૂલા ના પાઓગે

## મહંમદ રફીના અવાજનો પર્યાય બનેલા સ્ટેજ કિંગ બંકિમ પાઠક સાથે સ્વર કિન્નરી અનિલા ગોહિલ અને સ્ટેજ ક્વિન દક્ષા ગોહિલે રફીના સુપરડૂપર મસ્તીભર્યાં ગીતો સાથે વિક્રમ સંવતના નવા વર્ષના 'સંસ્કૃતિ'ના કાર્યક્રમને દિપાવ્યો





મોહંમદ રફી જેવા ઉમદા ફનકાર અને ઈન્સાનને આત્મસાત કરનાર અને એમનાં ગીતોથી અઢળક કાર્યક્રમ અને લોકચાહના મેળવનાર કલાકાર એટલે બંકિમ પાઠક... છેલ્લાં ૩૫ વર્ષથી એકધારા રફીનાં ગીતોથી સ્ટેજ સજાવનાર આ કલાકાર શારીરિક વિશિષ્ટ છે, બે બગલમાં ઘોડી દબાવી સ્ટેજ પર હાથમાં માઈક લઈ જ્યારે રફીનાં સળંગ ગીતો ગાવાના ચાલુ કરે એટલે શ્રોતાઓને માત્ર એમનો અવાજ જ સંભળાય એટલું માધુર્ય અને ઓરિજીનાલિટી મેળવી ચૂક્યા છે આ બંકિમ પાઠક.

દિવાળી પછીના વિક્રમ સંવત ૨૦૭૨ના વર્ષને વધાવવા સંસ્કૃતિ સંસ્થાએ મોહંમદ રફીના મસ્તીભર્યા ગીતોનો કાર્યક્રમ આયોજિત કર્યો અને રફીના પર્યાય જેવા કલાકારને બોલાવી બધાને જલસો કરાવી દીધો... કાર્યક્રમના શિર્ષક ગીત 'તુમ મુજે યું ભૂલા ના પાઓગે' સાથે કાર્યક્રમની શરૂઆત, આજે રફીને જન્નતનશીન થયાને ૩૫ વર્ષ વહી ગયાં અને છતાંય રફી આપણી આસપાસ જ વસે છે એવું સતત લાગ્યા કરે....

કન્યાદાન ફિલ્મનું 'લિખે જો ખત તુજે...' એસ ડી બર્મનના સંગીતનું 'તેરે ઘર કે સામને'નું ગીત 'દિલ કા ભંવર કરે પુકાર...' બાદ તો રીધમ પ્લેયર થોડાં રીધમમાં આવ્યા, શરૂઆતના ગીતમાં સ્ટ્રગલ કરતાં રિધમિસ્ટ ધીમે ધીમે સૅટ થવા લાગ્યા.

છેલ્લાં ૩૫ વર્ષથી બંકિમ પાઠકને સાથ આપતાં સ્ટેજ ક્વિન દક્ષા ગોહિલ ગાઈડ ફિલ્મના ગીત 'આજ ફિર જીને કે તમન્ના હૈ...' સાથે આવ્યાં અને સળંગ 'જાઈએ આપ કહાં જાયેંગે...' સાથે જામી ગયા.

આદમી ફિલ્મના ગીત 'આજ પુરાની રાહોં સે કોઈ મુઝે આવાઝ ન દે...' અને જે ગીતને હીરો જિતેન્દ્રએ પરદા પર રજૂ કર્યું હતું અને એક લાઈવ શોમાં બંકિમ પાઠકને આ ગીત સાંભળ્યા બાદ ખાસ અભિનંદન આપેલાં એવા મેરે હુજુરનું ગીત 'ગમ ઊઠાને કે લિયે મૈં તો જીયે જાઉંગા...' દર્દનો અહેસાસ કરાવી ગયા. (મસ્તીભર્યાં ગીતો આપવાના વાયદામાં દર્દનો નશો કેમ ઘોળ્યો ? એવાં વિચારમાં ઘણા શ્રોતાઓ માથું ખંજવાળતા હતા !)

'યે ચાંદ સા રોશન ચહેરા...' પ્રેક્ષકોની તાળીના સાથ સાથે જામી ગયું. ૧૯૫૫ની ફિલ્મ મુઘલ એ આઝમના એક ગીત માટે સવા લાખ રૂપિયાનો સેટ સજાવાયો હતો એ ગીત 'પ્યાર કિયા તો ડરના ક્યા...' સ્વર કિન્નરી અનિલા ગોહિલે રજૂ કર્યું અને તરત જ અનમોલ ઘડીનું નૂરજહાંના અવાજમાં 'જવાં હે મોહબ્બત...' સાથે છવાઈ ગયાં. તાજમહલ ફિલ્મનું 'જો વાદા કિયા વો નિભાના પડેગા...' રફી-આશાનું 'ઈશારોં ઈશારોં મેં દિલ લેનેવાલે...'ના બે ગીતો રફીના ગાયા બાદ બંકિમ પાઠકે એક કિશોર કુમારનું ગીત 'કોરા કાગઝ થા યે મન મેરા...' રજૂ કરીને મોજ કરાવી દીધી.

નૌશાદના સંગીતનું બૈજુ બાવરાનું ગીત 'તુ ગંગા કી મૌજ મૈં જમના કા ધારા...' ફરી એકવાર અનમોલ ઘડીનું ગીત નૂરજહાં-સુરેન્દ્રના અવાજનું 'આવાઝ દે કહાં હૈ...' રજૂઆત ખૂબ સુંદર રહી...

'સો સાલ પહેલે મુઝે તુમસે પ્યાર થા...' એક ઓરિજીનલ ગીતથી હટીને અલગ અંદાજમાં રજૂ થયું. પારસમણી ફિલ્મનું લતા-કમલ બારોટે ગાયેલું લક્ષ્મી-પ્યારેનું ગીત 'હંસતા હુઆ નુરાની ચહેરા...' અને મધુમતી ફિલ્મનું મૈં તો કબસે ખડી ઈસ પાર...' ગોલ્ડન દિવસો યાદ અપાવી ગયાં... વક્ત ફિલ્મના રવિનું સંગીત આશાનું ગીત 'આગે ભી જાને ના તુ, પીછે ભી જાને ના તુ...' વોહ કૌન થીનું ગીત 'લગ જા ગલે સે ફિર યે હંસી રાત હો ના હો...' બંને ગીતો માદક રહ્યાં. બ્રહ્મચારીનું મોહંમદ રફીને ફિલ્મફેર અપાવનાર ગીત 'દિલ કે ઝરોખે મેં તુજકો બિઠાકર...' રાગ શિવરંજની પર આધારીત ગીત અને એના પછીનું 'નજર ના લગ જાયે...' ગીતો એની મસ્તી અને મધુરતાભરી રજૂઆતથી જામી ગયાં.

આવારા ફિલ્મનું ગીત 'તેરે બિન આગ યે ચાંદની...' અને એ પછી પહેલીવાર જામેલા ઓરકેસ્ટ્રાની ધૂન બાદ 'ઘર આયા મેરા પરદેશી...' મોજ કરાવી ગયું. શમશાદ-તલતનું ગીત 'મિલતે હી આંખે દિલ હુઆ દિવાના કિસી કા...' ગીત સાંભળ્યા બાદ બંકિમ પાઠકને દાદ આપવી જ રહી. રફીનો કંઠ સાચવીને બેઠેલા આ કલાકારે આજે કિશોર, સુરેન્દ્ર અને તલતનો અવાજ પણ આપ્યો, અનિલા ગોહિલે લતા-આશા-નૂરજહાં-શમશાદ એમ વિવિધ સ્વર સાથે એના સ્વર કિન્નરીના બિરૂદને સાચું ઠેરવ્યું... પછી તો રફીના દરેક ફિલ્મફેર એવોર્ડ ગીતોની મેડલી ચાલી...'ચૌદહવી કા ચાંદ હો...' 'તેરી પ્યારી પ્યારી સુરત કો...' 'ક્યા હુઆ તેરા વાદા...' સાથે સ્ટેજ ગજવી મૂક્યું. 'આસમાન સે આયા ફરિશ્તા...' રોમેન્ટીક ગીત પછી પ્રેક્ષકોને બે ભાગમાં વહેંચીને 'ઉડે જબ જબ ઝુલ્ફેં તેરી...' ગીતથી ધમાલ કરાવી દીધી અને છેલ્લે 'દિન સારા ગુજારા તોરે અંગના, અબ જાને દે મુજે મોરે સજના, મેરા યાર શબ્બા ખેર...' સાથે રફીના મસ્તીભર્યા ગીતોની મહેફિલ સંપન્ન થઈ.

'સંસ્કૃતિ'નો આ આખો કાર્યક્રમ ત્રણેય ગાયકોએ ઉપાડી લીધો એ માટે પ્રમુખ રમેશ પટેલ અને મંત્રી મનોજ શુક્લને અભિનંદન આપવા ઘટે, પણ સાથે ઓરકેસ્ટ્રાનું કેમ ધ્યાન નહીં રાખ્યું હોય ? એવો પ્રશ્ન મૂંઝવતો રહ્યો. આઠ-દસ ગીતોને બાદ કરીએ તો સંગીતના સાજિંદાઓ સતત મથ્યા કરતા હોય એવો ભાસ થતો હતો. ગ્રેટ ગાયકોએ આખી બાજી સાચવી લીધી, બે-ત્રણ ગીતોમાં અદ્ભૂત સંગીતનો સાથ પુરાવનારા યુવાનો ભવિષ્યમાં જામશે એવી આશા રાખવી રહી... બાકી રફીના ગીતોના નશા માટે તો એટલું કહેવું પડે કે 'તુ કહાં યે બતા, ઈસ નશીલી રાત મેં, માને ના મેરા દિલ દિવાના.'

